અપીલ અરજી નં.૧૬૦/ ૦૮–૦૯ તા.૮–૯–૦૮

અરજદારઃ શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૫–૭–૦૮ ની અરજીથી જરી ઉદ્યોગને ભારત સરકાર ધ્વારા ગૃહઉદ્યોગ જાહેર કરવામાં આવેલ છે? તથા જે શરૂ કરવા સુ.મ.પા. તરફથી કોઈ પરવાનગી આપવામાં આવે છે? તે અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૬૦/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૫–૭–૦૮ ની અરજીથી જરી ઉદ્યોગને ભારત સરકાર ધ્વારા ગૃહઉદ્યોગ જાહેર કરવામાં આવેલ છે? તથા જે શરૂ કરવા સુ.મ.પા. તરફથી કોઈ પરવાનગી આપવામાં આવે છે? તે અંગે માહિતી આપવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સેઝોન/આ.૫૭૮ તા.૧૮–૮–૦૮ થી આપેલ માહિતીનો જવાબ સંતોષકારક નથી તેમજ માહિતી ખોટી આપવામાં આવી છે તેવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૮ તા.૧૨–૯–૦૮થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓ તરફથી સે.ઝોન/આ.નં.૭૨૫ તા.૧૯–૯–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૨૫–૭–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી તા.૧૭–૫–૦૮ અને તા.૨૬–૬–૦૮ સેન્ટ્રલ ઝોનના જરી ગીલીટ ચાલતાં ગૃહ ઉધોગોની પરવાનગી બાબતે રજૂઆત કરેલ છે. જેની આરોગ્ય અને ફાયર વિભાગ તરફથી શું તપાસ કરવામાં આવી તેની માહિતી માંગવામાં આવેલ. જે સબંધે સે.ઝોન/આરોગ્ય/સની/આ.નં.૧૦૯ તા.૧૯–૬–૦૮ થી પ્રાદેશિક અધિકારી ગુજરાત પોલ્યુશન બોર્ડને અરજદારની તા.૧૭–૫–૦૮ ની અરજી સબંધે કરેલા પત્ર વ્યવહારની તથા તા.૬–૮–૦૮ ના ખાતાના રીપોર્ટની નકલ જેમાં ફાયર વિભાગ કક્ષાએથી થયેલ કાર્યવાહી મંગાવવા ફાયર ખાતાને મોકલવા સૂચવેલ હોવાની નકલ રજૂ કરેલ છે પરંતુ કલમ–૬(૩) હેઠળ કે નિયમ–૪(૨) હેઠળ લાગત જાહેર માહિતી અધિકારીને તબદીલ કર્યાની વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૫–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને પૂરી પડાયેલી જણાતી નથી. આથી અરજદારને આ અંગે તેમની તેઓ કક્ષાએથી થયેલ કાર્યવાહીની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારને અત્રેની જાણ હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં માહિતી ઉપલબ્ધ કરાવવા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન/ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ).... જાણ તથા અમલ માટે

(૨) શ્રી હેમંત એન. દેસાઈ,